# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૩૯ તા.૭-૭-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

**વિષય :- સઘન ઉપચારાત્મક શિક્ષણ બાબત.**

આથી તમામ મ્યુનિ.શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે નવેમ્બર-૨૦૧૪ દરમિયાન યોજાયેલ ગુણોત્સવ-૫ના પરિણામને આધારે ઉપચારાત્મક કાર્યક્રમ તા. ૧ જુલાઈ થી ૩૧ ઓગષ્ટ ૨૦૧૫ દરમિયાન હાથ ધરવાના થાય છે. ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ અંગે નીચેની સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

- ઉપચારાત્મક કાર્ય માટે ગુણોત્સવ-૫નાં પરિણામ પૈકી માત્ર શૈક્ષણિક (૬૦% પૈકી) બાબતોના ગ્રેડને ધ્યાનમાં લેવાનો છે.
- ગુણોત્સવ-૫ માં શૈક્ષણિક બાબતોમાં A અથવા A+ગ્રેડ મેળવનાર શાળાઓ સ્વૈચ્છિક રીતે ઉપચારાત્મક કાર્ય કરવા ઈચ્છતી હોય તો જ આ કાર્યક્રમમાં સામેલ થશે. અન્યથા આ કાર્યક્રમ માત્ર એ શાળાઓમાં જ ચલાવવાનો છે જ્યાં શૈક્ષણિક બાબતોનો ગ્રેડ B,C કે D છે.
- શૈક્ષણિક બાબતોમાં B,C કે D ગ્રેડ ધરાવતી તમામ શાળાઓમાં ધો.૩ થી ૮નાં બાળકો માટે વાચન-લેખન અને ગણનનું ઉપચારાત્મક કાર્ય જે-તે ધોરણના વર્ગશિક્ષકે નીચે મુજબના સમયે કરાવવાનું રહેશે.

| | | B અને C ગ્રેડવાળી શાળાઓ | | D ગ્રેડવાળી શાળાઓ | |
|---|---|---|---|---|---|
| | | ધો.૩ થી ૫ | ધો. ૬ થી ૮ | ધો.૩ થી ૫ | ધો. ૬ થી ૮ |
| સવારપાળી | સોમ થી શુક્ર | ૭.૫૦ થી ૮.૫૦ | ૧૨.૦૦ થી ૧.૦૦ | ૭.૫૦ થી ૮.૫૦ અને ૧૨.૩૦ થી ૧.૩૦ | ૧૨.૦૦ થી ૨.૦૦ |
| | શનિવાર | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | | | |
| બપોરપાળી | સોમ થી શુક્ર | ૩.૩૦ થી ૪.૩૦ | ૧૧.૩૦ થી ૧૨.૩૦ | ૧૧.૩૦ થી ૧૨.૩૦ અને ૪.૩૦ થી ૫.૩૦ | ૧૧.૩૦ થી ૧૨.૩૦ અને ૫.૦૦ થી ૬.૦૦ |
| | શનિવાર | ૪.૦૦ થી ૫.૦૦ | | | |

- ગત વર્ષ ગુણોત્સવ-૫માં મૂલ્યાંકન થયેલ ધોરણ ૨ થી ૫ના વિદ્યાર્થીઓ આ વર્ષે ધોરણ ૩ થી ૬માં છે. આ તમામ બાળકો માટે ગુણોત્સવ-૫ની માહિતીને બેઝલાઈન માહિતી ગણીને કાર્ય કરવાનું રહેશે.
- ધોરણ ૭ અને ૮માં પણ ઉપરોક્ત સમયમાં વાચન,લેખન અને ગણન આધારિત ઉપચારાત્મકકાર્ય કરવાનું રહેશે. આ બાળકોનું વાચન,લેખન અને ગણનમાં સ્તર નક્કી કરવા જે-તે વર્ગશિક્ષકે અલગથી બેઝલાઈન નક્કી કરવાનું રહેશે.જેમાં, વાચન-લેખન માટે જે તે ધોરણનું ગુજરાતીનું પાઠ્યપુસ્તક તથા ગણનમાં સંખ્યાજ્ઞાન તથા ચાર ગાણિતિક ક્રિયાઓને સમાવતા પ્રશ્નોનો ઉપયોગ કરવાનો રહેશે.
- ધો.૬ થી ૮માં તમોએ **ગણિત સજ્જતાપોથી**માં લીધેલ પ્રિટેસ્ટના આધારે જે-તે બાળકને ગણિતનું ઉપચારાત્મક શિક્ષણ આપવું.
- ધોરણ ૭ અને ૮માં ઉપરોક્ત નિયત સમયમાં વાચન-લેખન,ગણન ઉપરાંત જે તે વિષય અંતર્ગત ઉપચારાત્મકકાર્ય જેતે વિષય શિક્ષક પોતાના નિયમિત તાસ દરમિયાન કરશે.
- ગુણોત્સવ-૫ના બાળકવાર પરિણામ ગુણોત્સવની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી દીધેલ હશે. તે માહિતીને બેઝલાઈન માહિતી ગણીને ઉપચારાત્મકકાર્ય કરવાનું છે. ત્યારબાદ દર પંદર દિવસે વર્ગખંડની સંકલિત માહિતી શાળાકક્ષાએ એકત્ર થશે અને શાળા કક્ષાની સંકલિત માહિતી મુખ્ય શિક્ષકે સી.આર.સી.કૉઓર્ડિનેટરશ્રીને આપવાની રહેશે.
- ઉપચારાત્મકકાર્ય માટે અગાઉ જી.સી.ઈ.આર.ટી. અને સર્વ શિક્ષા અભિયાન દ્વારા તૈયાર કરવામાં આવેલ સાહિત્ય,તાલીમ મોડ્યુલ તેમજ જે તે વિષયની શિક્ષક આવૃત્તિનો ઉપયોગ કરવાનો રહેશે.

- સમગ્ર કાર્યક્રમ દરમિયાન સઘન મોનીટરીંગ અને સુપરવિઝનની કામગીરી કરવામાં આવશે. શિક્ષકોએ દરરોજ કરેલા ઉપચારાત્મક કાર્યનું શાળા કક્ષાએ શાળાના મુખ્ય શિક્ષક દ્વારા મોનીટરીંગ-સુપરવિઝન કરવાનું રહેશે. આ માટે મુખ્ય શિક્ષકે દરરોજ ઓછામાં ઓછા બે કે તેથી વધુ શિક્ષકોના વર્ગમાં બાળકોને મુખવાચન,શ્રુતલેખન અને ગણનકાર્ય કરાવવાનું રહેશે.
- ઉપચારાત્મક કાર્ય અંતર્ગત લેખન અને ગણન માટે દરેક બાળક અલગ નોટબુક રાખે તે જોવું. મોનીટરીંગ દરમ્યાન જે-તે વર્ગમાં ફરજિયાત રીતે શ્રુતલેખન કરાવવું અને ગણન માટેનાં પલાખાં ઉપચારાત્મક કાર્ય માટેની નોટબુકમાં લખાવવા.
- આ વખતે સારી રીતે કામ ન કરનાર શિક્ષક કે મુખ્યશિક્ષકની જવાબદારી નિયત કરીને જરૂરી શિસ્ત વિષયક પગલાં લેવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન શિક્ષક કે મુખ્યશિક્ષક કે મોનીટરીંગમાં જનાર વ્યક્તિ બાળકોના મૂલ્યાંકન અંગેની ખોટી માહિતી આપશે તો જે તે વ્યક્તિ પર શિસ્ત વિષયક પગલાં લેવામાં આવશે. આવા શિસ્ત વિષયક પગલાંની જાણ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીને કરવામાં આવશે.

ઉપરોક્ત બાબતે પૂરતી ગંભીરતા દાખવી આ પરિપત્રની સૂચનાઓની મુખ્ય શિક્ષકે નોંધ લેવી તેમજ તમામ શિક્ષકોને નોંધ લેવડાવી ચૂસ્તપણે અમલ કરવો.

તા.૭-૭-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૪૦ તા.૭-૭-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- એકલવ્ય એકસલન્ટ એજ્યુકેટર એવોર્ડસ-૨૦૧૫ બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવામાં આવે છે કે, એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા સ્કૂલના શિક્ષકોને એકલવ્ય એકસલન્ટ એજ્યુકેટર એવોર્ડસ આપવામાં આવે છે. આ એવોર્ડસ પાછળનો મૂળભૂત હેતુ સમાજના ઘડતરમાં મહત્વનો ફાળો આપતાં સારા શિક્ષકોને પારખી તેમની સેવાઓની કદર કરવાનો અને યુવાન શિક્ષકોને આ ક્ષેત્રમાં આવવા અને વધુ સારૂ કામ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે. આ એવોર્ડસ અંતર્ગત કે.જી. થી ધોરણ-૧૨ સુધીના શિક્ષકો અને સંસ્થાઓ માટે જુદી જુદી શ્રેણીમાં કુલ-૬ એવોર્ડસ આપવામાં આવે છે.

ઉપરોકત બાબતે એવોર્ડસ માટે રસ ધરાવતા શિક્ષકોએ તા.૨૨ જુલાઈ-૨૦૧૫ સુધીમાં નીચે જણાવેલ સ્થળેથી ફોર્મ મેળવી નોમિનેશન ફોર્મ મ્યુનિ. સ્કૂલ બોર્ડ કચેરી દ્વારા (ભલામણ સાથે) તા.૨૩ જુલાઈ-૨૦૧૫ સુધીમાં આ ફોર્મ ભરીને પહોંચાડવાના રહેશે. આ એવોર્ડ વિતરણ તા.૫ મી સપ્ટેમ્બર-૨૦૧૫ **‘શિક્ષક દિન’**ના દિવસે થનાર છે. તો તે અંગેની નોંધ શાળાના તમામ શિક્ષકોને લેવડાવશો.

ફોર્મ મેળવવાનું સ્થળ :-કોર હાઉસ ઓફ સી.જી.રોડ, પરિમલ ગાર્ડન પાસે, એલિસબ્રીજ, અમદાવાદ.

આ અંગે વધુ માહિતી માટે (079)26461629 પર સંપર્ક કરવો.

તા.૭-૭-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી